# રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઇન દ્વારા માઈલસ્ટોન સાથે નવા વર્ષ અને બીજી એનિવર્સરીની ઉજવણી

અમદાવાદ, શનિવાર

રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈને ગોયલ વોટર પાર્ક, કોલાટ ખાતે નવા વર્ષ કમ સેકન્ડ એનિવર્સરી સેલિબ્રેશનનું ભવ્ય આયોજન કર્યું હતું. સ્પાર્કલિંગ સ્કાયલાઈનઃ અ નાઈટ ટુ ઈલ્યુમિનેટ્સ પર આધારિત આ કાર્યક્રમ ક્લબની સિદ્ધિઓનું એક ઝળહળતું પ્રદર્શન હતું, જેમાં સભ્યો અને તેમના પરિવારો માટે સંગીત, નૃત્ય, રમતો અને મનોરંજનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૩૩૫થી વધુ સભ્યો ધરાવતી આ ક્લબે ગર્વભેર ભારતની ૫મી સૌથી મોટી રોટરી ક્લબ બનવાની નોંધપાત્ર આરોહણની જાહેરાત કરી હતી, જે સિદ્ધિ માત્ર બે વર્ષમાં હાંસલ થઈ હતી.

આ અસાધારણ જર્નીમાં, રોટરી ક્લબ ઑફ અમદાવાદ સ્કાયલાઈન અભૂતપૂર્વ સીમાચિહ્નો સાથે પોતાને અલગ કરી છે : તેના પ્રથમ વર્ષમાં, ક્લબ રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૫૫માં ૨૦૦ સભ્યોની સંખ્યા વટાવનાર સૌપ્રથમ બન્યું, જેણે ગુજરાતની સૌથી મોટી રોટરી ક્લબનું બિરુદ મેળવ્યું.

માત્ર બે વર્ષમાં, ક્લબ ભારતની ૫મી સૌથી મોટી રોટરી ક્લબ બની છે, જેણે પ્રતિષ્ઠિત રોટરી ક્લબ ઓફ બેંગ્લોર સહિત લાંબા સમયથી સ્થાપિત ક્લબને પાછળ છોડી દીધી છે.



આ ક્લબને હવે વિશ્વભરમાં ટોચની ૨૫ રોટરી ક્લબોમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે તેના જીવંત અને સમર્પિત સમુદાયનો પુરાવો છે.

વૈશ્વિક નેતૃત્વ માટેનું વિઝન : ક્લબના પ્રમુખ આર.ટી.એન. સૌરભ ખંડેલવાલ, જેમણે આ અવિશ્વસનીય વિકાસની આગેવાની લીધી હતી, તેમણે એક મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ શેર કર્યો હતો : રોટરી ઈન્ટરનેશનલની અંદર આટલા મોટા પાયે અમદાવાદ અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા બદલ અમે સન્માનની લાગણી અનુભવીએ છીએ. શરૂઆતથી ભારતની ૫ મી સૌથી મોટી ક્લબ બનવા સુધીની અમારી યાત્રા અસાધારણથી ઓછી રહી નથી. હવે, અમે વિશ્વભરમાં ટોચની ૧૦ ક્લબોમાં જોડાવા પર નજર રાખીએ છીએ. સંયુક્તપણે, આપણે અસરકારક પ્રોજેક્ટ્સ સાથે સમાજની સેવા કરવાનું ચાલુ રાખીશું અને સાથે સાથે આપણી વૈશ્વિક હાજરીને મજબૂત કરીશું.

ક્લબ સેક્રેટરી તરફથી સંદેશ : રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈનના સેક્રેટરી આર.ટી.એન. આશિષ પાંડેએ ક્લબની સફળતાના પાયા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, અમારી સફળતાની ચાવી અમારા સભ્ય જોડાણ અને આઉટ-ઓફ-ધ-બોક્સ વિચારસરણીમાં રહેલી છે, જે વિશ્વભરમાં રોટરી ક્લબો માટે બેન્ચમાર્ક બની ગઈ છે.

૧૧૯ વર્ષ જૂની સંસ્થા રોટરી જ્યારે ઘણા પ્રદેશોમાં ઘટાડાનો અનુભવ કરી રહી છે, ત્યારે સ્કાયલાઈને સાબિત કર્યું છે કે નવીનતા, સર્વસમાવેશકતા અને ગતિશીલ નેતૃત્વ કોઈ પણ સંસ્થામાં નવા પ્રાણ ફૂંકી શકે છે.

અમારી યાત્રા માત્ર ભારતની ક્લબો માટે જ નહીં, પરંતુ વિશ્વભરના દેશો માટે એક ઉદાહરણ છે.

City ભાસ્કર

Date : 09.01.2025 Page : 02

# 'સ્પાર્ક્લિંગ, ગ્લેમર, ગ્લો' થીમ અંતર્ગત ડાન્સ, મ્યુઝિક, ફન એક્ટિવિટી સાથે મેમ્બર્સે એનિવર્સરી સેલિબ્રેટ કરી



**અમદાવાદઃ** રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈન દ્વારા જાણીતા વૉટર પાર્કમાં એનિવર્સરી સેલિબ્રેશનનું આયોજન કરાયું. 'સ્પાર્કલિંગ સ્કાયલાઈનઃ આ નાઈટ ટુ ઈલ્યુમિનેટ્સ' અંતર્ગત આ ઉજવણી કરાઈ. આ સાથે મેમ્બર્સ માટે ન્યુ યર પાર્ટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેલિબ્રેશનમાં મ્યુઝિક અને ડાન્સ સાથે મેમ્બર્સે પાર્ટી એન્જોય કરી હતી.

સેલિબ્રેશનમાં 300થી વધારે મેમ્બર્સ જોડાયા હતાં. કાર્યક્રમ વિશે સૌરભ ખંડેલવાલે જણાવ્યું કે, 'સ્કાયલાઈન ક્લબને ભારતની પાંચમી મોટી ક્લબ બનવામાં આવી છે. શહેરના વિકાસ માટે સમાજ સેવા સાથે ઘણા એવા પ્રોજેક્ટ કરાશે જે, શહેરને એક નવી ઓળખ આપશે. આ ગેધરિંગમાં સ્પાર્કલિંગ, ગ્લેમર અને ગ્લો ડ્રેસ કોડ સાથે Dj પરફોર્મન્સ અને ઈન્ટરેક્ટિવ ગેમ્સ યોજાઈ હતી. જેમાં મેમ્બર્સે કેક કટ કરી ફોટોગ્રાફ પણ ક્લિક કરાયા હતાં.'

